# ગુજરાત વિધાનસભા

-----------

## પંદરમી વિધાનસભા

## ત્રીજું સત્ર-ટ્રાયલ બેઝ

-----------

## દિવસના કામકાજની યાદી

૧૨:૦૦:૦૦

૧.

**પ્રશ્નોત્તરીતારાંકિત પ્રશ્નોત્તરી**(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ,ગૃહ અને પોલીસ હાઉસીંગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ,મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન,બંદરો (૨)માનનીય રમત ગમત અને યુવક સેવા , વાહન વ્યવહાર

૨. **જાહેર અગત્યની બાબત પર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતનું નિવેદન (નિયમ-૪૪)**

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)** નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશ (ભગાભાઈ બારડ) માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોરશેઃ- તાજેતરમાં પાકિસ્તાન મરિન સિક્યુરિટી એજન્સી દ્વારા પોરબંદર અને ઓખા ખાતે ભારતીય જળ સીમામાંથી માછીમારોને તેમની બોટો સાથે અપહરણના બનાવો બન્યા છે.છેલ્લા એક અઠવાડીયામાં ચોથી વખત આ માછીમારોના અપહરણ કરાયા છે.અંદાજે ૭૬ જેટલા માછીમારોના અપહરણથી માછીમારોમાં ચિંતા અને રોષની લાગણી વ્યાપેલ છે, ત્યારે આ પકડાયેલા માછીમારોને બોટ સાથે મુક્ત કરાવવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

૪. **વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧)
દહેઝ સેઝ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત**

(૨)
ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

૫.

**સરકારી વિધેયકો**

સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૩નું ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક

..........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

<u>......રાજ્યકક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી</u>

૬.

**<u>માનનીય સભ્યશ્રી વિપુલકુમાર પટેલનો સંકલ્પ</u>**

" ભારતીયો તરીકે આપણી નિષ્ઠાને કોઈ પણ પ્રકારની સ્પર્ધાત્મક નિષ્ઠા દ્વારા અસર પહોંચે એવું હું ઈચ્છતો નથી." ................ ડૉ. બી.આર.આંબેડકર

તાજેતરમાં બ્રિટીશ બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશન (બી.બી.સી.) દ્વારા બહાર પાડવામાં આવેલ ડોક્યુમેન્ટરીમાં સને ૨૦૦૨માં સર્જાયેલ ગોધરાકાંડ અને ત્યારબાદ ગુજરાતમાં થયેલ કોમી રમખાણો સંદર્ભમાં તત્કાલીન રાજય સરકારને દોષીત ઠેરવવાનો ફરી એકવાર દુષ્પ્રયાસ કરવામાં આવેલ છે.

સને ૨૦૦૨ની આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓના સંદર્ભમાં ઝીણવટભરી તપાસ કરી એના પ્રતિભાવ રૂપે, રાજ્ય સરકારે, તા. ૦૬/૦૩/૨૦૦૨ના જાહેરનામાથી, ન્યાયમૂર્તિ શ્રી કે.જી.શાહ હેઠળ તપાસ પંચની રચના કરી તેમજ તા. ૨૧/૦૫/૨૦૦૨ની અધિસૂચનાથી નિવૃત્ત જસ્ટીસ શ્રી જી. ટી. નાણાવટીને નાણાવટી-શાહ કમિશનના અધ્યક્ષ તરીકે તેમજ નિવૃત્ત હાઈકોર્ટ જસ્ટીસ શ્રી કે.જી.શાહને સભ્ય તરીકે નીમવામાં આવેલ. આ તપાસ પંચના કાર્યક્ષેત્રમાં સરકારે તા. ૨૦/૦૭/૨૦૦૪ના રોજ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને તેમના મંત્રીઓની વર્તણૂંકને કમિશનના તપાસ દાયરામાં સમાવીને ઈતિહાસ રચ્યો હતો. આ અભૂતપૂર્વ કાર્યવાહી એ જવાબદેહી અને પારદર્શિતાના સિદ્ધાંતને પૂર્ણ કર્યો છે.

સદરહુ તપાસપંચ દ્વારા હાથ ધરાયેલ વિસ્તૃત તપાસના અંતે પંચ એવા તારણ પર આવેલ હતું કે, ગોધરા રેલ્વે સ્ટેશને તા. ૨૭/૦૨/૨૦૦૨ના રોજ ટ્રેનનો ડબ્બો સળગાવવાની ઘટના એ પૂર્વ આયોજિત કાવતરું હતું. તા. ૨૭/૦૨/૨૦૦૨ બાદ ગુજરાતમાં ફાટી નીકળેલ કોમી રમખાણો સ્વયંભુ હતાં.

આ રમખાણોમાં રાજય સરકાર, ધાર્મિક સંગઠન કે રાજકીય પક્ષે કોઈ ભૂમિકા ભજવી હોવાના કોઈ પૂરાવા મળ્યા ન હોવાનું તપાસ પંચે અહેવાલમાં જણાવેલ છે. સદરહુ બંને અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવેલ છે.

આ બાબતને વિચારણામાં લઈને, ઘટનાક્રમની સમીક્ષા કરવી એ આ સભાગૃહ માટે અગત્યનું બની રહે છે કે જે ૨૦૦૨ની ગુજરાતની હિંસામાં વર્તમાન માન. વડાપ્રધાનશ્રીને સ્પષ્ટ રીતે નિર્દોષ હોવા તરફ દોરી જાય છે. વધુમાં, ગુજરાતની સરકાર વતી કોઈ સાંઠગાંઠ અને નિષ્ક્રિયતા થઈ હોવા સંબંધમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા દ્રઢતાપૂર્વક ઈન્કાર કરવામાં આવેલ છે.

તાજેતરમાં જ પ્રસિધ્ધ થયેલ બી.બી.સી. ડોકયુમેન્ટરી દ્વારા ગુજરાતની આ ઘટનાઓના સંદર્ભમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબની છબી અને લોકપ્રિયતાને ઈરાદાપૂર્વક નુકશાન પહોંચાડવાનો હીન પ્રયાસ કરાયો છે. ઘટનાના વીસ વર્ષ બાદ ડોકયુમેન્ટરી દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીની આંતરરાષ્ટ્રીય સ્તરે વધતી પ્રતિષ્ઠા, તેમનું અડગ નેતૃત્વ અને સામાજિક તથા આર્થિક ક્ષેત્રે ભારતને વિશ્વમાં અગ્રીમ સ્થાન અપાવવાના તેમના દ્રઢ ઈરાદાને નિષ્ફળ બનાવવાના એજન્ડા સહિત ઘટનાના વીસ વર્ષ બાદ તેની ડોક્યુમેન્ટરી જાહેર કરીને બી.બી.સી. નકારાત્મક ભૂમિકા ભજવી રહ્યું હોય તેમ જણાય છે આ ડોકયુમેન્ટરી દ્વારા ગુજરાતમાં બનેલ આ કમનસીબ ઘટનાઓ માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રીને સીધા જ જવાબદાર ગણાવે છે, જે નાણાવટી કમિશને ગોધરાકાંડ તેમજ ત્યાર બાદના કોમી બનાવો અંગે રાજ્ય સરકારને "ક્લીન ચીટ" આપે છે, તેનાથી તદ્દન વિપરીત છે.

કેટલાક તેજોદ્વેષી તત્વો તથા વિદેશી સરકારના હાથા બની બેઠેલા એન.જી.ઓ. દ્વારા તત્કાલિન માન. મુખ્યમંત્રીશ્રી, પદાધિકારીઓ તેમજ અધિકારીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જવાબદાર ઠેરવવાની માગણી સાથે મેટ્રો કોર્ટ, ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી કરેલ પ્રયાસો અસફળ રહ્યા છે. વર્ષ ૨૦૦૨ની ઘટનાઓને ખોટી રીતે રજૂ કરતી બી.બી.સી.ની આ ડોક્યુમેન્ટરી બદઈરાદા પ્રેરીત અને ભારતની વૈશ્વિક છબીને આંતરરાષ્ટ્રીય સ્તરે ખરડાવવાનો આ સૌથી હીન કક્ષાનો પ્રયાસ છે.

ભારત એક લોકશાહી દેશ છે અને અભિવ્યક્તિની સ્વતંત્રતા તેના બંધારણના પાયામાં છે, પરંતુ, તેનો અર્થ એવો નથી કે આવી સ્વતંત્રતાનો દુરૂપયોગ કરીને, કોઇ સમાચાર માધ્યમ સ્વચ્છંદતાપૂર્વક વર્તે. જો કોઇ આવું વર્તન કરે કે કૃત્ય કરે તો તેને સહેજ પણ સાંખી લઇ શકાય નહિ. બી.બી.સી. તેની વિશ્વસનીયતા ગુમાવી રહ્યું છે અને ભારત દેશ તથા ભારત સરકાર સામે કોઈ છૂપા એજન્ડા સાથે કામ કરી રહ્યું હોય તેમ જણાય છે.

આથી બી.બી.સી.ની ડોક્યુમેન્ટરીમાં દર્શાવેલ મનઘડંત તારણો સામે કડક પગલાં લેવા આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે.

**વિધાનસભા ગૃહ**
**ગાંધીનગર**
**તારીખ:૧૯ ઑગસ્ટ ૨૦૨૩**

**ડી. એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**